# બિઅરે ઝમઝમની દિલચસ્પ તારીખ

બિઅરે ઝમઝમની તારીખ મોઅજીઝાઓથી પૂર છે. ઝમઝમની લગવી-કિતાબી માઅના ખોવાયેલી યા વંખેરાયેલી ચીઝને જમાઅ કરવાની થાય છે. તારીખના કિતાબોમાં બયાન મન્કૂલ છે કે, મૌલાના ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) મૌલાતના હાજરા (અ.સ.) અને મૌ. ઈસ્માઈલ (અ.સ.) ને ફલસ્તીનની ઝમીનમાંથી હિજાઝમાં મક્કાની સરઝમીન પર લાવા, જે બંજર હતી. કોઈ દરખ્ત, લીલક કે આબાદીનું નામ નિશાન ન હતું અને આ બેવે માઁ-દિકરાના કોઈ ગમખ્વાર મદદગાર નહોતું. બેવે એકલા અટુલા હતા. હઝરત ઈબ્રાહીમ (અ.સ.) એ ફરમાવું કે, **હું તમને બેવેને અલ્લાહતઆલાની હિફાઝત પર છોડી જાઉં છું, કે જેએ મને તમને વતને માદર છોડીને આ જગા પર વસાવવાનો હુકમ કીધો છે.** આમ ફરમાવી આપ ફલસ્તીન જાવા રવાના થયા અને હઝરત ઈસ્માઈલને એક બેજાન દરખ્તને નઝદીક સૂતેલા મુકા અને હાજરા (અ.સ.) ઝારોકતાર રોતા હતા અને માયૂસીની નિગાહથી પોતાના કમસીન માઅસુમ બચ્ચાને એક નિગાહે જોયા કરતા હતા.

અલ્લાહતઆલા પર પૂરો તવક્કુલ હતો અને યકીને કામિલ હતુ. દિલમાં એ જ ઉમ્મીદ હતી કે જે અલ્લાહતઆલા પૈદા કરનાર છે તે પાલનહાર પણ છે. સૂરજ બલંદ થયો. હઝરત ઈસ્માઈલ (અ.સ.) પ્યાસા થયા અને હાજરા (અ.સ.) બેકરાર અને ફિકરમંદ થયા. આપ મદદ તલબ કરવા ઉઠા અને સફા-મરવાની ટેકરીને દરમ્યાન સાઅય કરીને અલ્લાહની બારગાહમાં ફરિયાદો શિકાયત કરવા લાગા કે, શું આ વાદીમાં હમારો કોઈ યાવરો મદદગાર નથી? કે જે હમારી નુસરત અને યાવરી કરી શકે? આપને મરવાથી સફાની ટેકરી પર અને સફાથી મરવાની ટેકરી પર સરાબ (મિરાજ) નઝર આવું અને આપ સમઝા કે પાની નાઝિલ થયું, પણ આપને ઈસ્માઈલ નઝર ન આવા. ***સાતમા ફેરામાં આપ મરવાની ટેકરી પર પહોંચા તો હઝરત ઇસ્માઇલ (અ.સ.) નઝર આવા અને એક હૈરત અંગેઝ અને તઅજ્જુબખેઝ નઝારો જોવા મિલો કે, એક પાનીનો ચશ્મો હઝરત ઇસ્માઇલ (અ.સ.) ના કદમની એડીને નીચેથી જારી થયો હતો.*** આપ જલ્દીથી નઝદીક આવા અને પાનીના બહાવને ચારે તરફથી રેતીની ક્યારી બનાવીને ઘેરી લીધો કે શાયદ પાણી ઝાયેઅ ન થઈ જાય, તેથી જ આ ચશ્માનું નામ આબે ઝમઝમ પડું. હઝરત હાજરા (અ.સ.) એ આ ચશ્માના પાનીથી ઈસ્માઈલ (અ.સ.) ની પ્યાસ બુઝાવીને સૈરાબ કીધા. આ ત્રણે સાહબોના એજાઝ અને કરામાતના વાકેઆથી આ કૂવાની તારીખી અહેમીય્યત, ફઝીલત તેમજ તેના પાનીના બૂંદ બૂંદમાં બરકત અને શીફા જહાનમાં મશહુરો માઅરુફ છે. મઝીદ એ કે આ ઝમઝમનો કૂવો કાઅબતુલ્લાહને નઝદીક હોય, તેની અઝમતમાં ઈઝાફો કરે છે અને હઝારો વરસ પહેલાના વાકેઆનો મંઝર નઝરને સામે આવી જાય છે.

ઈસ્લામના કદીમમાં કદીમ તારીખનવેશ મોહમ્મદ બિન ઈસ્હાક બિન યસાર ઝમઝમના કૂવાની એ રિવાયત બયાન કરે છે કે, મૌલાના અબ્દુલ મુત્તલીબ બિન હાશિમ બિન અબ્દે મનાફ (અ.સ.) કાઅબાને નઝદીક હજરે અસ્વદના મકામ પર સૂતેલા હતા કે હાલતે ખ્વાબમાં કોઈએ આપને ઝમઝમના કૂવા ખોદવાની નિદા આપી, કેમકે ઝમઝમનો કૂવો હઝારો વરસના વક્તની ગરદો ગુબારમાં ઝમીનમાં છૂપાઈ ગયો હતો તેથી મૌલાના અબ્દુલ મુત્તલીબને આ કૂવો ખોદવાનો ગૈબથી હુકુમ થયો. હઝરત અબ્દુલ મુત્તલીબ કુરૈશના કબીલામાં આવા અને ફરમાવું કે, **"અય કુરૈશના લોગો ! હરમમાં ઝમઝમનો કૂવો અટવાઇ ગયો છે જેની કોઇ અલામત-નિશાની મૌજુદ નથી, તેને ખોજવાનો અને બરામદ કરવાનો મને હુકુમ થયો છે."** લોગોએ માલૂમ કરવા ચાહ્યું કે શું આપને એનુ મકાન બતાવવામાં આવું છે? મૌલાના અબ્દુલ મુત્તલિબે ઈન્કાર કીધો. લોગોએ કહ્યું કે, આપ દુબારા આપની ખ્વાબગાહમાં જાવ કે જહાં આપને એને મુતઅલ્લિક હુકુમ થયો છે. અગર જો આ ખ્વાબ હકીકતમાં તમારા રબ તરફથી છે તો તમને એ કૂવાની અલામત અને એની જગાની વઝાહત ઝરૂર થાશે અને અગર આ કોઈ શૈતાની વસવસો હશે તો શૈતાન દુબારા આપને નહીં બહેકાવે.

મૌલાના અબ્દુલ મુત્તલિબ પાછા આપની ખ્વાબગાહમાં આવીને સૂઈ ગયા અને બીજી વક્ત ગૈબથી નિદા આવી કે, ઝમઝમને ખોદી નિકાલો, હવે તમે શરમિંદા નહીં થાઓ કેમ કે આ તમારા બુઝુર્ગોની વિરાસત છે. આ ચશ્મો કોઈ વક્ત ખુશ્ક (સૂકો) નહીં થાય અને એનું પાની કોઈ વક્ત કમ નહીં થાય. આ સેંકડો હાજીઓના હુજુમને સૈરાબ કરતો રહેશે અને જે જાનવરો પર હાજીઓ સવાર થઈને આવશે તેને પણ સૈરાબ કરશે. નઝર માનવાવાલા આ જગહ પર આવીને હાજતમંદોને વાસ્તે નઝરો મિન્નત માનશે. આ તમારી મીરાસ છે અને અલ્લાહતઆલા તરફથી તમારા હકમાં એક મઝબૂત ઈકરારનામુ છે. આ બીજા ચશ્માઓ (ઝરણાઓ) ના જેમ નથી પણ ખાલિસ દૂધની જેમ પીનાર વાસ્તે નિહાયત ખુશગવાર અને લઝીઝ છે. **આ નિદા સાંભલીને મૌલાના અબ્દુલ મુત્તલિબે પૂછું કે, તે ઝમઝમ ક્યાં છે? જવાબમાં કહેવામાં આવું કે, કીડીઓના દરને નઝદીક જે જગા પર કાલે કાગડો આવી ચોંચ મારશે ત્યાં તેની જગા છે.** મૌલાના અબ્દુલ મુત્તલિબ ફજરમાં આપના ફરઝંદ હારિસને લઈને નિકલા અને કીડીઓનું દર તલાશ કીધું અને જોયું કે તેને નઝદીક જ કાગડો ચોંચ મારી રહ્યો છે. આ જગા કુરૈશના બે બૂતોને દરમિયાન હતી જે જગા પર તેઓ કુરબાનીનું જાનવર ઝબહ કરતાં હતા.

ઈબ્ને ઈસ્હાક આગલ બયાન કરે છે કે, મૌલાના અબ્દુલ મુત્તલિબ કોડાલી લઈને આવા અને ઝમીન ખોદવા લાગા, કુરૈશના લોગોએ જોયું કે, હવે મૌલાના અબ્દુલ મુત્તલિબ રુકવાના નથી તો તેઓએ એમને કહ્યું કે હમારા ખુદાના કસમ હમે આ હમારી મુકદદસ જગા પર તમને ઝમીન ખોદવાની ઈજાઝત નહીં આપીએ. મૌલાના અબ્દુલ મુત્તલિબે પોતાના ફરઝંદ હારિસને કોડાલી આપી અને ખોદવાનો હુકુમ કીધો અને કહેવા લાગા કે, અલ્લાહની કસમ જેએ મને હુકુમ આપેલો છે એની ઝરૂર તાઅમીલ કરીશ. જ્યારે કુરૈશે જોયું કે મૌલાના અબ્દુલ મુત્તલિબનો ફૈસલો અટલ છે. તો કુરૈશે એને મનાવવાની ઝહેમત તર્ક કરી લીધી. થોડી જ ગહેરાઈ તક ઝમીન ખોદી કે એક પાકો કૂવો અને થોડા હથિયાર અને સામાનની ગાંસડી બરામદ થઈ. મૌલાના અબ્દુલ મુત્તલિબે નારએ તકબીર બલંદ કીધો તો કુરૈશના લોગોને ઈલ્મ થયું કે, મૌલાના અબ્દુલ મુત્તલિબ સાચું કહેતા હતા. આપનો ખ્વાબ પણ સાચો હતો અને આપને આપના મકસદમાં કામ્યાબી હાંસિલ થઈ.

ઈબ્ને ઈસ્હાક અમીરૂલ મુમેનીન હઝરત અબી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) થી ઝમઝમનો કૂવો દોબારહ મિલી આવવાની હદીસ તફસીલવાર બયાન કરે છે અને કહે છે કે, જે વક્ત મૌલાના અબ્દુલ મુત્તલિબ (અ.સ.) ને ઝમઝમનો કૂવો હાથ લાગો તો કુરૈશના લોગો કહેવા લાગા કે, આમાં તો હમારો પણ હક્ક છે કેમકે આ કૂવો તો હમારા દાદાજી સાહબ ઈસ્માઈલ (અ.સ.) ની મીરાસ અને મિલ્કીયત છે. મૌલાના અબ્દુલ મુત્તલિબે જવાબ આપો કે, આ કૂવાની મિલ્કીયત તમારી નથી બલ્કે ખ્વાબમાં આવનારે ખાસ તૌર પર કૂવાના વજૂદની નિશાનદેહી મને જ કીધી છે. તો આ કૂવાનો માલિક હું જ છે. કુરૈશીઓએ આ વાત માનવાનો ઈન્કાર કીધો અને કહ્યું કે અપને દરમ્યાન એક હકમ-લવાદ ને મુકર્રર કરીએ, મૌલના અબ્દુલ મુત્તલિબે આ વાત તસ્લીમ કીધી અને કુરૈશીઓ એ શામના પહાડી ઈલાકામાં બની સઅદ બિન હઝીમ કાહિનને હકમ-લવાદ મુકર્રર કીધા અને મૌલાના અબ્દુલ મુત્તલિબ બની હાશિમને લઈને ઝમઝમના કૂવાના ફેસલાને વાસ્તે શામના સફર પર નીકલા. સફરને દૌરાન મૌલાના અબ્દુલ મુત્તલિબે બેશુમાર મોઅજીઝાત ઝાહીર કીધા જેનો મુશાહેદો કુરૈશના લોગોએ કીધો અને સફરને દરમ્યાન જ કુરૈશ કહેવા લાગા કે, "અય અબ્દુલ મુત્તલિબ ! અલ્લાહની કસમ ! અલ્લાહે આપના હકમાં ફેસલો સાદિર કીધો છે અને તે ઝાત કે જે સફર દરમ્યાન જંગલ બયાબાનમાં એજાઝથી પાની નીકાલી પ્યાસાઓને સૈરાબ કરે તે ઝમઝમના માલિક કેમ ન હોય ! હમને શામ જાવું નથી અને હમે આપના હકમાં ફેંસલો આપીએ છીએ કે આપ જ ઝમઝમના હકીકી માલિક છો."

હાસિલે કલામ ઝમઝમ બરઆમદ થાવાથી મક્કાના તમામ કુવાઓની એહમીયત ઘટી ગઈ અને ઝમઝમની બરકત અને ફઝીલત વધી ગઈ, એહલુલ બૈત (અ.સ.) થી રિવાયત છે કે, "ઝમઝમનું પાની ભૂખને વક્ત ગિઝા અને બિમારીની હાલતમાં શિફા અને દવાનું કામ કરે છે."

પાછલા ચંદ સાલમાં દુનિયાની અકસર લેબોરેટરીઓમાં આ પાનીની કૈફીયતની તફતીશ અને તહેકીકાતથી અજીબો ગરીબ સચ્ચાઈ ઝાહિર થઈ છે. પાનીને અંદર રહેલા ઘટકોથી સાબિત થયું છે કે ઈન્સાનને ઝિંદા રહેવા વાસ્તે તેની ગિઝામાં જેટલા અનાસિર અને ક્ષારની ઝરૂરત હોય છે, તે તમામ ઝમઝમમાં મૌજુદ છે. એક સાયન્સ દાન મોહક્કીક બરખાર્ડટનો કૌલ છે કે, ગમે એટલી મિકદારમાં આ પાનીનો ઈસ્તેમાલ થાય છે તો પણ કુવાના પાનીની સતહ (લેવલ) બરકરાર રહે છે, નીચે ઉતરતું નથી. આ હકીકતને ડોલ સાથે રસ્સી બાંધીને સાબિત કરવામાં આવી છે, જેટલી રસ્સી કુવાની ગેહરાઈમાં જાય છે તે હર ઝમાનમાં તે રસ્સીની એજ લંબાઈ પર ડોલ બાંધવાથી પાની હાસિલ થાય છે. આજથી એક સો વરસ પહેલા હરમૈન શરીફૈન તુર્ક લોકોના કબ્ઝામાં હતા. તો તેઓ આ એજાઝને જોઈને દંગ થઈ ગયા હતા અને આને ઈલાહી મોઅજીઝો ગરદાનતા હતા. તેઓ એમ કહેતા હતા કે, " આ કુવાનું પાની ફક્ત હાજીઓ વાસ્તે જ મોહય્યા નથી બલ્કે મક્કા શહેરના તમામ લોગો તેનો જ ઈસ્તેમાલ કરે છે, પીવા સાથે બીજા તમામ કામમાં આ જ પાની પહોંચાડવામાં આવે છે."

તઅમીરના ફનમાં માહિતગાર એક ઈજનેર ને આ કુવાની દિવાર બનાવવાનું કામ સોંપવામાં આવું તો તેએ હયરાની સાથે રાઝ ઝાહિર કીધો કે, "ઝમઝમના કુવાની ઉંડાઈમાં નીચેના સ્તરમાં એક કાયમી નાની નહેરનું વહેણ જારી રહે છે. ઝમઝમનું પાની લઝઝતમાં ભારી છે, પણ હઝમ થાવામાં ઘણું હલકું અને મીઠું છે અને મકકામાં બીજા કુવાઓ કરતા અલગ લઝઝત રાખે છે. પહેલી વક્ત તેને ખેંચવામાં આવે છે તો તે ડહોલુ દેખાય છે પણ પછી તે બિલ્લોર જેમ સાફ થઈ જાય છે. હિજાઝનાં તમામ કુવાઓના પાનીને મિલતું આવે છે. હાલમાં થયેલી તહેકીકાતમાં એ માલૂમ થયું છે કે, તે બિમારને શિફા બખ્શે છે અને જે કેમિકલ્સ ઈન્સાનના બદનની નશ્વોનુમા તાકત વાસ્તે ઝરૂરી છે એ તમામ પાનીમાં રહેલાં છે."

જે ઝમાના તક આ કુવાને નઝદીક હાજીઓ જઈને તેને અંદરનું પાની જોતાં હતા તે વક્ત કુવાની દીવારની બંદિશનો દાએરો ૭ ફુટ ૮ ઈંચ અને ઝમીનની સતહથી પાનીની સતહ સુધીની લંબાઈ ૫૬ ફુટ હતી. પાની કુવામાંથી બહાર નિકાલવામાં આવે છે તો તેની હરારત-ગરમી ઝમીનના પાનીથી ઝિયાદહ હોય છે. દુનિયાની અજાએબાત માંથી એક અજીબો ગરીબ બિના એ છે કે, હજ્જની મૌસમમાં જે વક્ત લાખો હજ્જાજ હરમે આમિનમાં આવીને ઝમઝમનું પાની નૌશ ફરમાવે છે તો બેહદ પાની ખેંચવામાં આવે છે, તેને બાવજુદ પાનીની સતહ અને મિકદારમાં એક ઝર્રા બરાબર પણ ફરક પડતો નથી. અને આથી હૈરત અંગેઝ બિના તો એ છે કે, મક્કા શહેરનાં બેશુમાર કુવાઓ જે ઝમઝમ કરતા ઝિયાદહ ગહેરા હોય, તેનું પાની ઝમઝમ જેવું લઝીઝ અને મીઠું નથી. આ પાનીનો ઝાએકો જ નિરાલો છે. આજ તક કરોડો હાજીઓએ પોતાના કફનના કપડાંને આ પાનીમાં તરબતર કીધા છે, અને કરોડો ગેલન પાની પોતાના વતનમાં લઈ જઈને હજ્જે બયતુલ્લાહની બરકાતથી લોગોને હદીયાના તૌર પર નવાઝેલા છે.

ઘણા ઘરોમાં આ પાનીનો શિફા વાસ્તે ખાસ ઝખીરો બનાવીને હિફાઝત કરવામાં આવે છે. ખરેખર ઝમઝમનાં પાનીએ હ. ઈસ્માઈલ (અ.સ.) ને એટલા સૈરાબ નથી કીધા જેટલા હર ઝમાનો મકાનનાં લોગોની પ્યાસ બુઝાવીને ઈલાહી એજાઝની યાદ અપાવી છે. ★